ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૫-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

## વિજયનો જશ ખાટવાની હૂંસાતૂંસી

એક તરફ ઢગલાબંધ આક્ષેપોનો તોપમારો, સુપ્રીમનો સપાટો, મીડિયાની મુક્કાબાજી અને બીજી તરફ કર્ણાટક વિજયની ખુશાલી. એકી સાથે કોગ્રેંસનાં બારે વહાણ ડૂબી રહ્યાં હતાં ત્યાં અચાનક કોઈ પૂર્વજનાં પુણ્ય આડે આવ્યાં હોય એમ આ વિધાનસભાનાં પરિણામો એના માટે સંજીવની સમાન પુરવાર થયાં છે. પરંત શું એ વિજય કોઈ 'પરમેનન્ટ ફિનોમેના' છે? કર્ણાટકમાં જીત મળી ગઈ એટલે ભવસાગર તરી ગયા એવું બાલિશ અર્થઘટન કરનારા ભીંત ભૂલે છે. પ્રજા તો બધા પક્ષોને ઓળખી ગઈ છે. રાજકારણમાં નીતિમત્તા નેવે મુકાઈ ચૂકી છે એની દેશની જનતાને પાકી ખાતરી છે. પરંતુ સંસદીય લોકશાહીમાં મતદાર બિચારો કરી કરીને બીજું કરે પણ શું? મેદાનમાં જે બે-ચાર ખેલાડી રમતા હોય એ પૈકી જે સૌથી ઓછો ખરાબ લાગે એના પર પસંદગી ઉતારવા સિવાય એની પાસે વિકલ્પ જ નથી રહેતો. કર્ણાટક દેશનાં પ્રગતિશીલ રાજ્યોમાં મોખરાનું સ્થાન ધરાવતું રાજય છે. એણે રાજકારણમાં પ્રવર્તી રહેલી અંધાધૂંધી વચ્ચે વખત પૂરતી સ્થાનિક મુદ્દાઓને ધ્યાનમાં લઈ ઓછા અનિષ્ટ પર મહોર મારી છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના પિયર જેવા આ પ્રદેશે દેશને શ્રેષ્ઠ સાહિત્યકારો આપ્યા છે, ઉત્તમ વૈજ્ઞાનિકો આપ્યા છે. ગુજરાત અને રાજસ્થાન જેટલો જ જૈનધર્મનો પ્રભાવ કર્ણાટકમાં રહ્યો છે. ચંદ્રગુપ્ત મૌર્ય રાજપાટ છોડીને ચંદ્રગિરિ પર તપ કરવા આવ્યો હતો અને ત્યાં જ કાળધર્મ પામ્યો હતો. બાહુબલીની ૫૮ ફૂટ ઊંચી પ્રતિમા શ્રવણ બેલગોળામાં છે, જે પૂર્વ વડાપ્રધાન દેવ ગોવડાના મતવિસ્તાર હાસનની નજીક છે. કર્ણાટક જેવા સુસંસ્કૃત પ્રદેશમાં જ્ઞાતિવાદનું જોર અકબંધ રહ્યું છે. અહીં દરેક નેતા વિશેષ રૂપે એની જાતિનું પ્રતિનિધિત્વ કરે છે. યેદિયુરપ્પા અહીંના શક્તિશાળી લિંગાયત સમાજના લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટી માટે દક્ષિણમાં પગપેસારો કરવા માટે એ નિમિત બન્યા. પરંતુ વાળી વિકટ પરિસ્થિતિ સરજાઈ હતી. યેદિયુરપ્પા તથાકથિત પાર્ટી વિથ ડિફરંસ માટે ગળાની ફાંસ બની ગયા હતા. ઘણી લાંબી રકઝક અને અવઢવ પછી પાર્ટીએ એમને રાજીનામું આપવા સહમત કર્યા હતા. યેદિયુરપ્પા અતિ આત્મવિશ્વાસથી પીડાતા રહ્યા. એમણે સ્વકેન્દ્રિ વલણ અપનાવ્યું અને કેન્દ્રીય નેતાગીરી વિરુદ્ધ ખુલ્લો બળવો પોકારી પ્રાદેશિક પક્ષ 'કર્ણાટક જનતા પાર્ટી'ની સ્થાપના કરી દીધી. ગુજરાત, રાજસ્થાન અને કર્ણાટક વચ્ચે એક અનેરું સભ્ય પ્રવર્તે છે. ત્રણે પ્રદેશો રાષ્ટ્રીય રાજકારણને સ્વીકારે છે. ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગ, પંજાબ કે ઓડિશા, તમિળનાડુ વગેરે પ્રદેશોમાં પ્રાદેશિક પક્ષોએ પગદંડો જમાવી દીધો છે એમ ગુજરાત, રાજસ્થાન અને કર્ણાટકમાં હજી સુધી પ્રાદેશિક પક્ષોનું બહુ નોંધપાત્ર વર્ચસ્વ સ્થાપાયું નથી. વડાપ્રધાનપદ સુધી પહોંચીને પછી રાજય સ્તરે સીમિત બની ગયેલા એચ.ડી. દેવગોવડા જ્યારે જનતાદળના છૂટા પડેલા પ્રાદેશિક એકમનો હવાલો સંભાળીને બેસી ગયા ત્યારે એમનું વર્ચસ્વ કેળવ એમના મૈસુર નજીકના ગ્રામ્ય પ્રદેશ પૂરતું જ મર્યાદિત બની જવા પામ્યું હતું. જોડતોડ અને સાંઠગાંઠના રાજકારણમાં એકાદ વખત એમના રાજ-વારસ કુમાર સ્વામી મુખ્યમંત્રી બની શકયા હોય તો એ કાંઈ કર્ણાટકની સમગ્ર પ્રજાના સર્વમાન્ય પ્રતિનિધિ બની ગયા એમ ન કહી શકાય. યેદિયુરપ્પા પણ એ રીતે એક સમાજ વિશેષના જ નેતા હતા અને છેક છેલ્લે સુધી 'હું મરું પણ તને રાંડ કરું' વાળું ત્રાગું કર્યું ત્યારે પણ એમણે ભાજપનો ખેલ બગાડીને પોતે તો ગણેલી છ જ બેઠકો અંકે કરી છે. અહીં જ્ઞાતિ સમીકરણોને કારણે ભાજપ જેટલી જ બેઠકો દેવગોવડાના જનતાદળ (એસ)ને મળી છે. અંદરખાને બેઉ વચ્ચે ગોઠવણ થયેલી હોવાનો ખ્યાલ પણ મતદારોને આવી ગયો હતો. મતદારો એટલા શાણા કે છેલ્લાં કેટલાંક વર્ષોની અસ્થિરતા અને ભ્રષ્ટાચારથી ત્રાસેલા હોઈ એમણે ફરી એકવાર બરતરફ કરાયેલા જૂના મેનેજર જેવી કોગ્રેંસને સંપૂર્ણ બહુમતી સોંપી છે.

# ગુજકેટની પરીક્ષામાં પણ ફીઝીકસનું પેપર વિદ્યાર્થીઓને અઘરું લાગ્યું!

### ૧૮૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી : ૧૨ની હાજરી ઘટી : કેમેસ્ટ્રી-બાયોલોજીના પ્રશ્નો સરળ

ગાંધીનગર, તા.૯

ગુજકેટના પ્રશ્નપત્રો નીટની પરીક્ષાના પ્રમાણમાં વિદ્યાર્થીઓને સરળ લાગ્યા હતા. જિલ્લામાંથી ૧૮૫૫ જેટલા વિદ્યાર્થીઓએ આજે ગુજકેટની પરીક્ષા આપી હતી. બાયોલોજી અને કેમેસ્ટ્રીનું પેપર ટેક્ષબેઈઝ હોવાથી વિદ્યાર્થીઓની મુંઝવણ દુર થઈ હતી પરંતુ ફીજીકસના પેપરમાં ફેરવીને પુછાયેલા દાખલાના જવાબ આપવામાં પરીક્ષાર્થીઓનો સમય ખૂટયો હતો.

નીટની પરીક્ષા બાદ ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજે ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૧૮૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૧૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિષય નિષ્ણાંત ડૉ. પ્રદીપ ગગલાણીના જણાવ્યા મુજબ ૧૨૦ ગુણની ગુજકેટની પરીક્ષામાં વિદ્યાર્થીઓને બાયોલોજી અને કેમેસ્ટ્રીનું પેપર સરળ લાગ્યું હતું. આ બંને વિષયના પેપરો વિદ્યાર્થઓને સરળ લાગ્યા હતા. પરંતુ ભૌતિકશાસ્ત્રના પેપરમાં ઘણા ખરા દાખલાઓ ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓનો સમય ખૂટયો હતો. પ્રશ્નપત્ર ટેક્ષ બેઈઝ હતું. પરંતુ ટેક્ષના કોર્નરમાંથી પ્રશ્નો પુછાતા ઉત્તરો આપવામાં પરીક્ષાર્થીઓને સમય લાગ્યો હતો. એકંદરે નીટની પરીક્ષા કરતા ગુજકેટના પ્રશ્નો સરળ રહેતા વિદ્યાર્થીઓને હાશકારો થયો હતો. ગુજકેટની પરીક્ષા માટે ૮ કેન્દ્રો પર કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ-૧ અને ૨ના ઓબર્ઝવરોએ રાઉન્ડ લીધા હતા. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હોવાનું પણ સુત્રોએ જણાવ્યું છે.

## આર. જી. પટેલ કન્યા શાળા, સે. ૨૩નું પરીણામ

| નંબર | નામ | ટકા |
|---|---|---|
| ધોરણ-૯-એ | | |
| ૧ | પટેલ રીતુ સી. | ૯૩.૦૦ |
| ૨ | પાલવે લીપ્સા ડી. | ૯૧.૭૧ |
| ૩ | ચૌધરી નૈયા બી. | ૯૧.૫૭ |
| ધોરણ-૯-બી | | |
| ૧ | પટેલ જાનવી ડી. | ૮૬.૮૬ |
| ૨ | રાઠોડ મૌસમ એલ. | ૮૬.૦૦ |
| ૩ | પટેલ ધરાંગી કે. | ૮૫.૮૬ |
| ધોરણ-૯-સી | | |
| ૧ | પ્રજાપતિ અપેક્ષા એસ. | ૯૨.૪૩ |
| ૨ | ચાવડા ખુશી આર. | ૯૧.૫૭ |
| ૩ | પટેલ ખુશ્બી બી. | ૯૨.૨૯ |
| ધોરણ-૯-ડી | | |
| ૧ | ચૌધરી હાર્દી એસ. | ૯૦.૫૭ |
| ૨ | ચૌધરી જ્યોતિ પી. | ૮૯.૭૧ |
| ૩ | પટેલ પ્રેક્ષા પી. | ૮૭.૨૯ |
| ધોરણ-૯-ઈ | | |
| ૧ | પટેલ પેરીન એમ. | ૯૧.૨૯ |
| ૨ | ઝાલા શ્રેયા એ. | ૮૯.૪૩ |
| ૩ | ચૌહાણ પવિત્રા એમ. | ૮૬.૮૬ |
| ધોરણ-૧૧-એ | | |
| ૧ | ઝાલા અસ્મિતા આર. | ૭૫.૧૧ |
| ૨ | ચાવડા અવની એન. | ૭૩.૧૧ |
| ૩ | ધાસુરા સાહિસ્તા એમ. | ૭૨.૦૦ |
| ધોરણ-૧૧-બી(આર્ટસ) અને ૧૧-બી-(કોમર્સ) | | |
| ૧ | પટેલ કાજલ બી. | ૭૧.૭૮ |
| ૨ | ભટ્ટ પૃથ્વી એમ. | ૭૧.૬૭ |
| ૩ | પંચાલ હીરલ એન. | ૭૧.૧૧ |
| ધોરણ-૧૧-સી(કોમર્સ) | | |
| ૧ | જયસ્વાલ પ્રિતિ એ. | ૮૨.૭૭ |
| ૨ | મકવાણા અંજુ એમ. | ૭૯.૭૮ |
| ૩ | પ્રજાપતિ ખુશ્બુ એમ. | ૭૯.૫૬ |
| ધોરણ-૧૧-ડી | | |
| ૧ | નાયક નીશા ડી. | ૮૭.૮૯ |
| ૨ | નાયક કીન્નરી કે. | ૮૪.૬૬ |
| ૩ | પ્રજાપતિ શ્વેતા કે. | ૮૩.૧૧ |




એ લોકોને વિકાસ કરવો જ ન હોય તો કોઈ શું કરે...!!

## જી.આઈ.એસ.એફ.ના ૩૦ જવાનો પરેડમાં જોડાયા

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં ગુજરાત રાજ્યના ૫૩મા સ્થાપના દિનની ૧લી મે ૨૦૧૩ના રોજ વિધાનસભા સામેની ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. રાજ્યના વિવિધ પદાધિકારીઓ મંત્રીઓ, ગાંધીનગરવાસીઓની ઉપસ્થિતિમાં જુદા જુદા સુરક્ષા વિભાગના જવાનોએ પરેડની કૂચ કરી હતી ગાંધીનગર વિભાગના જી.આઈ.એસ.એફ.ના એસ.ઓ.એન.આર. નિનામાની રાહબર હેઠળ અને જી.આઈ.એસ.એફ. પુરુષ પ્લાટુનના પરેડ કમાન્ડર એસ.એલ.રાણાના નેતૃત્વમાં જી.આઈ.એસ.એફ.ના ૩૦ જવાનોએ પરેડની કૂચ કરી હતી. આ ભવ્ય પરેડને નિહાળવા જી.આઈ.એસ.એફ.ના જવાનો સ્વર્ણિમ પાર્ક ખાતે ઉમટી પડ્યા હતા.

## અમદાવાદ જિલ્લાની ૧૦૦ પ્રાથમિક શાળાઓને નોટિસ

અમદાવાદ, તા.૯

અમદાવાદ જિલ્લાની ૧૦૦ પ્રાથમિક શાળાઓને પુરતા સુવિધાઓ ન હોવા બદલ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા નોટીસ પાઠવવામાં આવી છે. અને આગામી જુન મહિના સુધીમાં સુવિધાઓ વિકસાવી લેવા માટે જણાવવામાં આવ્યું છે. અને સાથે જુન સુધી સુવિધાઓ વિકસાવવામાં નહી આવે તો કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે.

આગામી જુન ૨૦૧૩થી રાજ્યભરમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને પુરતી સુવિધાઓ મળી રહે તે માટે કમર કસવામાં આવી છે. જેનાં ભાગરૂપે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઈન્સપેકશન હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન જિલ્લાની ૧૦૦ જેટલી શાળાઓમાં મોટા પાયે અસુવિધાઓ હોવાનું સામે આવ્યું છે.

# તપોવન સંસ્કારપીઠ ગુરુકુળના બાળકોની શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૯

તપોવન સંસ્કારપીઠ અમિયાપુરના આંગણે યુગપ્રધાન આચાર્યસમ પં.પ્ર.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ની દિવ્ય કૃપાથી બાળકોના સંસ્કરણદાતા પૂ. મુનિ શ્રી હંસકીર્તિ વિજયજી મ.સા. આદિ ઠાણાઓની શુભ નિશ્રામાં ૪૮૭ બાળકોની હાજરીમાં તા. ૨૮ એપ્રિલના પ્રથમ દિવસે મંગલદીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કુલપતિશ્રી લલિતભાઈ ધામી, મે. ટ્રસ્ટી વર્ષીતપના તપસ્વી શ્રી રાજુભાઈ શાહ અને દાતા પરિવારના હસ્તે કરવામાં આવ્યું હતું. ભારતના આઠ રાજ્યોમાંથી બાળશ્રાવકો શિબિરમાં જોડાયા હતા. આ ૩૭મી તપોવન બાળસંસ્કરણ શિબિરના સૌજન્યદાતા પરિવારો શ્રી રૂખીબેન હીરાલાલ ચેખલાવાળા અમદાવાદ, શ્રી સદ્‌ગુણાબેન ફુલચંદભાઈ વહેલાલવાળા, શ્રી કમલાબેન ત્રિકમલાલ ચંદુલાલ અમદાવાદ, કમિશનરશ્રી યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર, શ્રી કેસરીચંદ વીરચંદ બાફના (યુ.એસ.એ.) તથા સાહ તારાચંદ પુનમચંદની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ભૂતપૂર્વ તપોવન ઋષભ તથા શ્રેયાંસે ઉત્તમ લાભ લીધો હતો.

બારડોલીના બંધુબેલડી, બાળકોના જાણીતા અને માનીતા પૂ. મુનિશ્રી હંસકીર્તિ વિજયજી મ.સા. પૂ. મુનિ શ્રી ભવ્યકીર્તિ વિજયજી મ.સા. પૂ.પં. શ્રી કલ્પરક્ષિત વિજયજી મ.સા. પૂ. મુનિશ્રી રાજહંસ વિજયજીમ.સા. આદિ મુનિવરોએ ભીષણ ગરમીની વચ્ચે પણ બાલકોને જ્ઞાનરૂપી શીતલજલ પીવડાવ્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ કામદારે જ્ઞાન-ગમ્મત કરાવેલ. બાળકોને જૈન અને ભારતીય ઈતિહાસ કથાઓ, ભક્તિગીતો, માતૃ-પિતૃ અને ગુરૂભક્તિના પ્રેરણાના પીયૂષ પાન પૂ. ગુરુદેવોએ કરાવ્યા હતા. ૪૩ ડિગ્રી ગરમીની વચ્ચે પણ બાળકોએ હસતા અને ઉછળતા નિરખવા એ આ શિબિરની મોટામાં મોટી ફળશ્રુતિ હતી. ગૃહપતિશ્રી અલ્પેશભાઈ શાહ, પંડિતજી શ્રી રામતારકજી શુકલા, દરેક મોટાભાઈ-માસીબા તથા ધોરણ-૧૦-૧૨ના ઉત્સાહી વિદ્યાર્થીઓએ અનુપમ સેવાઓ આપી શિબિરની સફળતામાં ચારચાંદ લગાવ્યા હતા. વિવિધ સ્પર્ધાઓ, આકર્ષક ક્વીઝ, લક્કી જેકપોટ તથા રોજ રાત્રીના મનોરંજન કાર્યક્રમોથી તપોવન સંકુલ ગાજી ઉઠ્યુ હતું. ગગન ભેદી ધાર્મિક નારાઓ સાથેની ભવ્ય ચૈત્યપરિપાટી મેરુધામતીર્થે પહોંચી હતી. ત્યાં બિરાજમાન શાસનપ્રભાવક આચાર્ય શ્રી ઈન્દ્રસેન સુરીસ્વરજી અને શ્રી સિંહસેન સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં તપોવન બાળકોએ જગતને ડોલાવતી આકર્ષક શાસનવંદના, શૌર્યગીતો અને નારાઓ ગજાવ્યા હતા. પૂ. મુનિરાજશ્રી ભવ્યકીર્તિવિજયજી મ.સા.ની પ્રેરણાથી મેરુદામમાં ૧૦૮મી ઓળીના મહાન તપસ્વી પુ. આચાર્યદેવ શ્રી હર્ષશીલ સૂરીસ્વરજી મ.સા.ના વિશિષ્ટ તપની અનુમોદના રૂપે કામળી વહોરાવી અનુમોદના પત્ર અર્પણવિધિ ચૈત્યપરિપાટીના વિવિધ વેશભુષાથી સજ્જ ભૂલકાઓના હસ્તે કરવામાં આવેલ. બાળકોના આવાસ-નિવાસ ભોજન આદિની ઉત્તમ વ્યવસ્થા તપોવન ટ્રસ્ટી મંડળ, મધ્યસ્થ કાર્યાલય મેનેજર હર્ષદભાઈ લહેરી, ભોજનશાળા મેનેજરશ્રી ગિરીશભાઈ અને વિજયભાઈ આદિ સમગ્ર તપોવનસ્ટાફની સેવાઓ અદ્‌ભૂત રહી હતી.

# દેવેન્દ્રભાઇ મહેંદી હસન, ગુલામ અલી, જગજીતસિંહની ઉર્દૂ ગઝલો, કવ્વાલી, બેગમ અખ્તરની ઠુમરી વિ. બખૂબી રજૂ કરે છે

## કેફિયત કલા સાધનાની

- આશા સરવૈયા

"સંગીત હૈ શક્તિ ઇશ્વરકી, હર સુર મેં બસે હૈ રામ."

આજે એક એવા કલાકાર નો પરિચય મેળવવો છે જેમણે દરેક પ્રકારના સંગીત (ફિલ્મી, શાસ્ત્રીય, સુગમ, લોક, ગઝલ, કવ્વાલી, ઠુમરી)નું જ્ઞાન સ્વયં જ, કોઇ ગુરૂ કે સંગીત શાળા ગયા વિના મેળવ્યું છે. સંગીત કે સાહિત્યના તેઓનાં ગુરૂ હોય તો તે એમના કાન, મગજ, એકાગ્રતા અને સ્વયં સૂઝ. અને તે છે ગાંધીનગરના દેવેન્દ્ર આર. પુરોહિત

રતિલાલ પુરોહિત (પુરોહિત મહારાજ) વ્યવસાયે અને કોટુંબિક પરંપરાથી ભાગવત કથાકાર હતા. જન્મ અને વતન તેમનું જૂનાગઢ. પુરાણોના જ્ઞાનની સાથે ખૂબ નાની ઉંમરે ગીરના આંતરિયાળ વિસ્તારમાં ઘૂમતા ઘૂમતાં



સંગીતનું જ્ઞાન સ્વંય મેળવેલું. હાર્મોનિયમ પણ સ્વયં સ્ફુર્ણાથી વગાડતા શીખ્યા. આવા ધાર્મિક પુરોહિત કુટુંબમાં રતિલાલભાઇ અને કુંતાબેનને ત્યાં પુત્ર જન્મ થયો. પુત્રના લક્ષણ પારણામાંથી... મુજબ નાનપણથી જ દેવેન્દ્રને ઘરમાં કલા, સંગીત અને આધ્યાત્મિક વાતાવરણને કારણે સંગીતમાંનો શોખ જન્મજાત જ મળ્યો...

દેવેન્દ્રભાઇનો જન્મ અને ઉછેર અમદાવાદમાં. પ્રાથમિક અને માધ્યમિક શાળાભ્યાસ અનુક્રમે મ્યુનિ. કોર્પો. અને ધ્રુવ એજ્યુકેશન શાળામાં. શાળામાં દેવેન્દ્રભાઇ પ્રાર્થના, દેશભક્તિના ગીતો વિ. ગવડાવે. અમદાવાદમાં એક બાર વર્ષના છોકરાને હાર્મોનિયમ વગાડતો જોઇને પ્રેરણા મળી અને દેવેન્દ્રે બાર વર્ષની ઉંમરે જ હાર્મોનિયમ શીખવાની શરૂઆત કરી. ૬ થી ૮ મહિનામાં સ્વયં સંપૂર્ણ પણે હાર્મોનિયમ વગાડતા શીખી ગયા. પ્રભુની દેન કે કૃપાથી દેવેન્દ્રભાઇને તબલા (તાલનું જ્ઞાન) જન્મથી જ છે. ૧૫-૧૬ વર્ષની ઉંમરથી સમાન રૂચિ ધરાવતા મિત્રો સાથે નિયમિત રીતે ફિલ્મી ગીતોના રિહર્સલ શરૂ કર્યા.

કોલેજ અમદાવાદ કોમર્સ કોલેજમાં જયાંથી બી.કોમ થયા. તે સમય દરમિયાન ૧૯૭૩માં રાજુ મ્યુઝિકલ ગ્રુપમાં થી એચ.કે. કોલેજમાં પ્રથમ ફિલ્મી ઓરકેસ્ટ્રાનો કાર્યક્રમ આપીને દેવેન્દ્રભાઇએ ફિલ્મી સંગીત ક્ષેત્રમાં ધમાકેદાર એન્ટ્રી કરી. ૧૮-૧૯ વર્ષની ઉંમરમાં જ દેવેન્દ્રભાઇએ અમદાવાદમાં શાળાઓ, કોલેજ અને સંસ્થાઓનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સંગીત આપ્યું.

તે સમયે લોકસંગીતના જાણીતા કલાકારો લાખાભાઇ ગઢવી, કવિશ્રી દાદ, પીંગળશી ગઢવી, મધુસૂદન વ્યાસ, સરોજ ગુંદાણી, પ્રફુલ્લ દવે, વિ. દ્વારા ડાયરા અને લોકસંગીતનો દોર ચાલુ થયો. તેમાંથી પ્રેરણા લઇને દેવેન્દ્રભાઇએ દુહા-છંદ, ભજનો, લોકગીતો પર હાથ અજમાવીને લોકસંગીત ક્ષેત્રમાં પણ જંપલાવ્યું. જેમાં તેમને ૧૦૦ ટકા સફળતા સાંપડી.

નાનપણથી જ દેવેન્દ્રભાઇને ફિલ્મી સંગીતકાર બનવાની મહેચ્છા હતી. જેની સંગીતના દરેક પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ તેમણે જાતે જ કર્યો. એટલું જ નહીં કાશ્મીરથી કેરળ સુધીના લોકસંગીત નો અભ્યાસ કરીને ઉંડું જ્ઞાન મેળવ્યું. પછી તો અમદાવાદ ખાતે લોકસંગીતમા મહેન્દ્ર બારોટ અને ભરતસિંહ સોલકી (એક ડાળના પંખી ફેઇણ) સાથે ફિલ્મી ગીતોનાં, સંદેશના 'જગમગ મંડળ' અને રાજેન્દ્ર શાહના વડપણ હેઠળ બાળગીતોના એમ અનેક વિવિધતા સભર કાર્યક્રમો રજૂ કરીને દેવેન્દ્રભાઇ સંગીત માસ્તર બની ગયા.

આકાશવાણીના ખૂબ પ્રસિદ્ધ કાર્યક્રમો - ફુલવારી, સંગીત સરિતા, સંગીત સંધ્યા સાંભળ્યા વિનાનો એક પણ દિવસ દેવેન્દ્રભાઇનો પસાર ન થાય. આવા કાર્યક્રમો વિ. સાંભળીને એમની સંગીત સાધના અવિરત આગળ ચાલતી રહી.

૧૯૮૩ થી દેવેન્દ્રભાઇ ગાંધીનગર સ્થાયી થયા, જયાં તેમની સુરીલી સંગીત કારકિર્દીમાં એક વધુ પીંછુ ઉમેરાયું. મિત્રો રાજેશ રાવલ અને હિમાંશુ ભચેચના સહયોગથી "જ્ઞાન દીપકલા વર્તુળ" નામક સર્વાંગી કલા સંસ્થા શરૂ કરી. જેમાં ૭૦ થી ૮૦ યુવા કલાકારોને સંગીત, અભિનય, વકતૃત્વ કલા વિ. માં તાલીમ આપીને રાજય સરકાર આયોજિત "યુવા પ્રતિભા શોધ" સ્પર્ધામાં આ સંસ્થાએ ભાગ લેવાનું શરૂ કર્યું. પ્રથમ વર્ષથી જ કુલ ૨૫ જેટલી ઇવેન્ટ્સમાંથી ૨૦ થી વધુ ઇનામો જ્ઞાનદીપ કલા વર્તુળના ફાળે આવતા. ઉપરાંત ગાંધીનગર સમાચાર રનીંગ ટ્રોફી પણ સતત ત્રણ વર્ષ વિજેતા બનીને હસ્તગત કરી હતી. આ બધી સ્પર્ધાઓમાં દેવેન્દ્રભાઇ પણ લોકસંગીત, શાસ્ત્રીય અને સુગમ સંગીત, ગઝલ લેખન, કાવ્ય રચના, લોકવાર્તા, પાદપૂર્તિ, ગીતાશ્લોકો પર ચર્ચા અને ચારણશૈલીમાં વાતો રજૂ કરવાની સ્પર્ધાઓમાં ભાગ લઇ વિજેતા બન્યા હતા. આવી ઇન્દ્રધનુષી પ્રતિભાને ખૂબ અભિનંદન!

ગાંધીનગરમાં નાગર ગૃહસ્થોનાં સંપર્કમાં આવવાથી સુગમ સંગીત ઉપર પણ હાથ અજમાવ્યો. તેમાં નવા ગીતો, ગઝલો, ભજનો વિ. ની સ્વર રચનાઓ કરી અને જ્ઞાનદીપ વર્તુળના યુવા કલાકારો પાસે અનેક કાર્યક્રમો રજૂ કરાવ્યા.

નોકરી અને કૌટુબિંક સંજોગોને કારણે તેઓનું ફિલ્મી સંગીતકાર બનવાનું સ્વપ્ન સાકાર ન થયું, પણ દેવેન્દ્રભાઇની સંગીતની આંતરિક ઊંડી લગન, ખંતપૂર્વક શ્રવણ, વાંચન અને રિયાઝ દ્વારા જ તેઓ એક સારા સંગીતકાર બની શક્યા છે અને તેમની સંગીતકૂચ આગે કદમ કરતી જ રહી છે.

ગાંધીનગરમાં પણ તેમના અનેક કાર્યક્રમો યોજાવા લાગ્યા. નવરાત્રી દરમિયાન ગરબાના કાર્યક્રમો, ૧૮૮૮માં શહેર યુવા સંઘ આયોજિત કાર્યક્રમ (હિન્દી ફિલ્મ પ્રતિઘાતના સુજાતા મહેતાના અતિથિપદે)માં ફિલ્મી ગીતોનો અજોડ કાર્યક્રમ રજૂ કરેલ હતો, જેને શ્રોતાઓ આજે પણ સંભાળે છે. ફિલ્મી ગીતોની બેઠકોમાં (હારિતભાઇ દવેના નિવાસ સ્થાને, નરેશ દવે - સુરેશ પારઘીના સહયોગથી સ્વ. મુકેશજીના શ્રદ્ધાર્જલિ આપવાના કાર્યક્રમમાં માસ્ટર દેવેન્દ્રના સંગીતના સથવારે દેવેન્દ્રભાઇ મુકેશ અને મન્નાડેના ગીતો ખૂબ ભાવથી રજૂ કરે. શ્રી ૪૨૦, બરસાત, મેરા નામ જોકર, વિ. ફિલ્મોનાં ગીતો દેવેન્દ્રભાઇ પાસેથી સાંભળવાનો લ્હાવો છે.

દેવેન્દ્રભાઇ મહેંદી હસન, ગુલામ અલી, જગજીતસિંહની ઉર્દૂ ગઝલો, કવ્વાલી, બેગમ અખ્તરની ઠુમરી વિ. ૫ બખૂબી રજૂ કરે છે 'ચુપકે ચુપકે રાતદિન આંસુ બહાનાં...' આ સદાબહાર ગઝલ તેમની સર્વશ્રેષ્ઠ રજૂઆત હોય છે.

૧૯૮૮થી શારદા સંગીત કલાસીસની દેવેન્દ્રભાઇએ મિત્ર દેવેન ભટ્ટ, અતુલ પુરોહિત અને કોકિલાબેન (દેવેન્દ્રભાઇના પત્ની) ના સહકારથી સ્થાપના કરી.



ગાંધીનગરના ઘણા હોનહાર કલાકારો ત્યાંથી તૈયાર થયા, અને સંગીતના પ્રોફેશનલ કાર્યક્રમો 'હિટ બિટ્સ' ઓરકેસ્ટ્રાના નામથી આજ દિન સુધી ચાલે છે.

આ સમગ્ર ઘટનાઓ અને સમયની સાથે સાથે દેવેન્દ્રભાઇએ શાસ્ત્રીય સંગતનો સ્વયં રિયાઝ અને અભ્યાસ કરીને અનેક રાગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. કોઇ પણ રાગ આધારિત ગીત તેના ભાવ મુજબ તેની સ્વર રચના કરી શકે છે. આ ઇશ્વરીય શક્તિને સલામ!

સંગીતના આ પ્રવાહમાં પત્ની કોકિલાબેન સંગીતની એક સરવાણી બનીને સતત સાથે જ રહ્યાં છે. દેવેન્દ્રભાઇનો સંગીત વારસાને દીકરીઓ કિન્નરી અને અર્પિતાએ જાળવી રાખેલ છે. અર્પિતા જાણીતા સંગીતજ્ઞ નયન પંચોલી પાસે શીખે છે તથા તેમની સાથે અનેક કાર્યક્રમોમાં ગાવા પણ જાય છે.

આજે પણ દેવેન્દ્રભાઇ, નંદકિશોર ખોપકર, મનુભાઇ ચાવડા, અરવિંદ વોરા, જશુભાઇ શ્રીમાળી, અરવિંદ રાવળ વિ. નિયમિત દર શનિવારે સંગીતની બેઠકોનું આયોજન કરીને સંગીતની આરાધના કરતા રહે છે.

દેવેન્દ્રભાઇની આ આરાદના સંગીત નભે મધુર સૂરો રેલાવ્યા કરે એવી અનેક શભેચ્છાઓ સાથે...